

સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભરવાણી સદા...

પ્રતધારી સંતો અને સક્રિય કાર્યકરોની શિબિરમાં માર્ગદર્શન,
3 ડિસેમ્બર ૨૦૧૭, શ્રી યોગી પ્રાગટ્યતીર્થ, ધારી

**તીર્થોનું** તીર્થ એવા સાક્ષાત્ ધારી તીર્થની અને તીર્થમાં બિરાજમાન એવા જ અદ્ભુત અક્ષરમુક્તોની જય જય જય ! ખરેખર મઝા આવી ગઈ ! યોગીજીમહારાજ એટલા બધા રાજી થાય છે, એની મઝા આવી.

બાપાએ પોતાના હૈયામાં છેક એમણે દેહ છોડ્યો એ પળ સુધી પોતાના ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન અને પોતાના પ્રાણસમા ગુરુ શાસ્ત્રીજીમહારાજ માટે શું ના થાય ? એનો જ આલોચ રાખીને સતત વિચરણ કર્યું ! તેમણે નથી દેહને ગણ્યો, નથી કોઈ વ્યવસ્થાને ગણી, નથી કોઈ સાથ આપે છે કે નથી આપતા તે વાતોને ધ્યાનમાં લીધી, માન-અપમાન તરફ નથી જોયું, સુવિધાઓ મળી-ના મળી એ તરફ નથી જોયું; પણ કેવળ પોતાના ઈષ્ટદેવ ને પોતાના ગુરુ સામે દૃષ્ટિ રાખીને સતત તેઓ વિચરણ કરતા રહ્યા. અને એ કાર્યમાં જે જે સમર્પિત થયા કે જેણે સાથ આપ્યો એમના ઉપર અંતરથી રાજી થતા રહ્યા અને એમને જ જોયા. આજે આ બધા એ કાર્ય કરવા તૈયાર થયા એટલે આપણને મોજ આવી ગઈ કે, બાપાનો ખરેખર અભિપ્રાય સમજ્યા.

અક્ષરપુરુષોત્તમની ઉપાસના આત્મસાત્ કરી એકતા કરવી. તે માટે બાપાનો ૧૯૬૪નો એક પ્રસંગ ફરી કહું. અક્ષરપુરુષોત્તમ છાત્રાલયનું નામ હજી પાડ્યું ન હતું. પ.પૂ. પ્રમુખસ્વામીજી, પ.પૂ. મહંતસ્વામીજી, પ.પૂ. દાદુકાકા, પ.પૂ. હર્ષદભાઈ, પ.પૂ. ઈશ્વરચરણસ્વામી બધાએ 'જ્ઞાનયજ્ઞ' છાત્રાલય નામ નક્કી કરી, પ.પૂ. યોગીબાપાની સંમતિ મેળવવાની સેવા મને સોંપી. ત્યારે સંતો-યુવકો એપ્રિલ-૬૪ની રજાઓમાં જુદી જુદી ટુકડીઓ પાડી હૉસ્ટેલના પાયા ખોદતા. સાંજના વલ્લભવિદ્યાનગર પ્રાર્થના હૉલમાં બાપા-પ્રમુખસ્વામી-સંતોના સાંનિધ્યમાં મહેમાનો-ભક્તો-યુવકોની સભાઓ થતી. તેવી એક સભા પૂરી થતાં પ.પૂ. બાપા ઉતારે જતાં ગાડીમાં મારો હાથ પકડી બેસવા જતા હતા ત્યારે મેં પ.પૂ. બાપાને પૂછ્યું, 'બાપા, આપણા છાત્રાલયનું નામ પાડવાનું છે.' બાપા કહે, 'પ્રમુખસ્વામી, દાદુભાઈને પૂછો.' ત્યારે મેં કહ્યું, 'બાપા આ કમિટીએ તો એક નામ પાડ્યું છે – 'જ્ઞાનયજ્ઞ' છાત્રાલય. તો આપ હા પાડો તો રાખીએ. તેમાં શાસ્ત્રીજીમહારાજનું અને આપનું નામ આવે છે.' તો બાપા તરત જ કહે, 'ના, એ નામ ના પડાય.' બાપા એટલી ઊંચાઈ ઉપર હતા, ને આપણે તો એટલા નાના, પણ તેઓ ખૂબ પ્રેમ આપીને આપણને સમજાવે ! મને પાસે બોલાવ્યો, એક હાથ મારા ખભે મૂક્યો, બીજો હાથ ગાડીના દરવાજા પર રાખીને શાસ્ત્રીજીમહારાજે જે ભીડા વેઠ્યા એની વાત બે-પાંચ મિનિટમાં કરી દીધી. તમે 'યોગીગીતા' ગ્રંથમાં જુઓ, મહેળાવમાં એમણે જે પ્રાર્થના કરી તેમાં પાંચ-સાત લીટીમાં પોતાના ગુરુ શાસ્ત્રીજીમહારાજનું જીવનચરિત્ર તેમણે કહી દીધું. એટલા સરળ, સહજ સાધુ ! એટલા જ પ્રેમાળ ને એટલા જ ઉદાર ને એટલા જ કરુણાના સાગર !

બાપા કહે, 'શાસ્ત્રીજીમહારાજને વડતાલમાં મોજ હતી, એ છોડીને એમણે કષ્ટ વેઠ્યાં. શેના માટે ?' પોતાના ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન પરોક્ષ નથી, ગુણાતીત સાધુ દ્વારા પ્રગટ છે અને આમ મૂળ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને ઓળખાવી પ્રગટની ઉપાસના-અક્ષરપુરુષોત્તમની ઉપાસનાનું પ્રવર્તન કરવા માટે, આપણે છતી દેહે અક્ષરધામનાં સુખ, શાંતિ ને આનંદ ભોગવતાં થઈએ એ આનંદદાયક માર્ગ કંડારવા માટે; શાસ્ત્રીજીમહારાજ આપણા સૌ માટે હોમાઈ ગયા. અને આપણા ગુરુનું અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનું જે કાર્ય, એનો ગોકીરો થાય એ આપણી ભક્તિ છે; એટલે 'અક્ષરપુરુષોત્તમ છાત્રાલય' નામ રાખો. પોતાના ગુરુના કાર્યમાં,

પોતાના ગુરુના અભિપ્રાયમાં હોમાવાનું ખરેખર બાપાએ શિખવાડ્યું. ત્યારથી અમારો-અશ્વિનભાઈ, શાંતિભાઈ ને સૌ ભાઈઓનો એ જ ગોલ થઈ ગયો કે, બાપાના કાર્યને પુષ્ટિ મળે, બાપાનું કાર્ય વહેતું રહે એ માટે આપણે પણ જીવન સમર્પિત કરવું છે.

એ શુદ્ધ ઉપાસનાનું પહેલું સ્ટેપ - સર્વોપરી, સર્વ અવતારના અવતારી, સર્વના કારણ, આપણા સર્વની બુદ્ધિના પ્રેરક-પ્રવર્તક મારા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન છે. એમાં પહેલામાં પહેલું આવ્યું - સર્વોપરી. આપણા ભગવાન સર્વોપરી છે, તે બીજા સાથે ઝઘડો કરવા માટે નથી તે યાદ રાખો ! બે-પાંચ વ્યક્તિ એવી હોય કે જેનું આપણા હૃદયમાં સ્થાન હોય, એ બધાંમાં સર્વોપરી સ્થાન મારા ઈષ્ટદેવનું હોય. એટલે મારા ઈષ્ટદેવનું જ્યાં વચન આવે ત્યાં બીજું બધું ગૌણ થઈ જાય; એ સર્વોપરી માન્યા કહેવાય. આપણે કાર્યકર્તાઓના હૈયામાં આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનનું સર્વોપરી સ્થાન હોવું જોઈએ. આપણે ઈષ્ટદેવને સર્વોપરીભાવે ભજવાના છે એટલે એમનાં જે વચન 'શિક્ષાપત્રી', 'વચનામૃત'માં છે તે પ્રમાણે જીવન જીવવાનો આલોચ રાખવો. અને આપણે સમાજમાં વાત પણ આ જ કરવાની છે.

બીજું સ્થાન પોતાના ગુરુનું અને ત્રીજું સ્થાન આપણાં મા-બાપનું, યાદ રાખો ! આપણાં ઘરોમાં બધા ફાસફૂસિયાના ફોટા હોય તો કાઢી નાખજો - મારી તમને પ્રાર્થના છે. ફિલ્મના ઍક્ટરો, ક્રિકેટરો, રાજકારણીઓ પોતપોતાના ફિલ્ડમાં બૅસ્ટ હોય, પણ એમના જીવનમાંથી કશું મળશે નહીં. એમની સ્કિલને આપણે ઍપ્રિશિએટ કરીએ, પણ એમનો ફોટો મઢાવીને આપણા ઘરે મૂકવાનો ના હોય, યાદ રાખો. આપણા જીવનમાં ઈષ્ટદેવ, ગુરુ અને મા-બાપ એ ત્રણનું હાઈએસ્ટ સ્થાન હોવું જોઈએ.

મા-બાપ અભણ હોય તો એમનું સ્થાન નીચું હોય ? ના. મોટા ભણેલા-ગણેલા કરતાં પણ મારાં મા-બાપ માટે મારો પ્રેમ વિશેષ જુદો જ હોય. યોગીમહારાજ દક્ષી ચોપડી ભણેલા હતા. છટાદાર ભાષણ પણ નહોતા કરતા. પણ એમનો પ્રેમ, એમણે ગુરુ તરીકે આપણા જીવનમાં જે કામ કર્યું છે એ વિચાર કરીએ તો આપણામાં પ્રેમનો મહાસાગર વહે. એમના માટે શું ના થાય? એક જિંદગી નહિ, હજારો-લાખો જિંદગીઓ સમર્પિત કરવી પડે તોય એમના માટે ઓછી છે, એટલા અદ્‌ભુત સ્વરૂપ હતા ! સર્વોપરી ભાવે આપણે એમને ભજવાના. બીજા ભક્તો જે ભગવાનને - દેવોને માનતા હોય એના કરતાં મારા ભગવાન સર્વોપરી છે, એ કહેવા માટે નહીં, પણ આપણા હૃદયમાં એમનું સર્વોપરી સ્થાન હોય ! કંઈ પણ કરીએ તો એ શું કહેતા હતા ? એમની શી મરજી છે ? એમની શી ઈચ્છા છે ? તેઓ રાજી થશે કે નહીં થાય? એનું ચૅકિંગ કરીને કરીએ એને સર્વોપરી માન્યા કહેવાય.

સર્વોપરી, સર્વ અવતારના અવતારી અને સર્વ કારણના કારણ. 'કારણ' એટલે જે કાંઈ થયું, થશે, થવાનું છે; એ કરનારા મારા પ્રભુ છે એવું માનીએ તો કોઈનાય દોષ જોવાનું મટી જશે, કોઈની ક્રિયાની ટીકા કરવા અંદર જે આઘુંપાછું થતું હશે એ નીકળી જશે. કાર્યકર્તાઓએ આ રીતે ભગવાનને માનવા છે, એમની તરફની ભક્તિ અદા કરવી છે. મંડળમાં કોઈ કંઈ કરતો હોય તો કરનાર ભગવાન છે એમ માનવું. એની સાથે હેત હોય તો કહેવું કે, 'આ શોભાસ્પદ નથી, એના બદલે આવું કરીએ તો ભગવાનની સુવાસ પ્રસરે, ગુરુનું સારું દેખાય.' છતાંય તે ના માને તો સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... માળા ફેરવવી. કારણ કે, સર્વના બુદ્ધિના પ્રેરક, પ્રવર્તક તો મને મળ્યા એ મારા ભગવાન છે, માટે ભજન કરો. એટલે સર્વોપરી, સર્વ કર્તા-હર્તા, સર્વના કારણ, સર્વના નિયંતા, બુદ્ધિના પ્રેરક-પ્રવર્તક મને મળ્યા એ મારા પ્રભુ છે; એ ભાવથી એમને ભજવા છે. સત્સંગ એટલે કરવાનો, સભા એટલે કરવાની, રોજ 'વચનામૃત', 'સ્વામીની વાતો' એટલે વાંચવાની કે જેથી આવો મહિમા હૈયામાં વધતો જાય. જેની પ્રાપ્તિ થઈ છે એનો મહિમા વધતો જશે તો બીજું બધું આપોઆપ કૂચા જેવું થઈ જશે, યાદ રાખો !

યોગીબાપા એક સરળ દૃષ્ટાંત આપતા. એક ગામડામાં ખેતીવાડી કરતું એક કુટુંબ હતું. એ બહેનના પતિ ધામમાં ગયા એટલે હવે એમનો યુવાન દીકરો ખેતી કરતો હતો. પણ બે વર્ષ દુકાળ પડ્યો, ખેતીની આવક ના આવી ને ખાવા-પીવાની તકલીફ પડવા માંડી તેથી માએ દીકરાને ચાર હીરા આપ્યા અને બાજુના ગામમાં તેમના ભાઈ ઝવેરી હતા તેમને વેચી આવવા જણાવ્યું. યુવાન હીરા લઈને પોતાના મામાની પાસે ગયો. મામાએ હીરા જોયા અને કહ્યું, 'આ હીરા રાખવાનું મારું ગજું નથી. તેથી આ હીરા હમણાં તું પાછા લઈ

> યોગીજીમહારાજે ગુરુ તરીકે આપણા જીવનમાં જે કામ કર્યું છે એ વિચાર કરીએ તો આપણામાં પ્રેમનો મહાસાગર વહે. એમના માટે શું ના થાય ? એક જિંદગી નહિ, હજારો-લાખો જિંદગીઓ સમર્પિત કરવી પડે તોય એમના માટે ઓછી છે, એટલા અદ્‌ભુત સ્વરૂપ હતા !





**સર્વોપરી, સર્વ અવતારના અવતારી,**
**સર્વના કારણ, આપણા સર્વની બુદ્ધિના પ્રેરક-પ્રવર્તક**
**મારા ઇષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન છે.**
**માટે ભગવાનનું સ્થાન પહેલું.**
**બીજું સ્થાન પોતાના ગુરુનું અને**
**ત્રીજું સ્થાન આપણાં મા-બાપનું, યાદ રાખો !**

જા, એને લાયક સારો ઝવેરી આવશે ને તેના સારા પૈસા આવશે ત્યારે તેને વેચીશું. પણ તમને તકલીફ છે તો કાલથી મારે ત્યાં તું નોકરીએ આવી જા, એટલે તમારો પૈસાનો પ્રૉબ્લૅમ સૉલ્વ થઈ જશે.'

યુવાન મામાને ત્યાં નોકરીએ લાગી ગયો. એક-દોઢ વરસ ઝવેરીની દુકાને બેસતાં એ હીરા પારખતાં થઈ ગયો, હીરાનો નિષ્ણાત થઈ ગયો. પછી મુંબઈના મોટા ઝવેરી આવ્યા ત્યારે તેમને વેચવા માટે મામાએ તેને ઘરે હીરા લેવા મોકલ્યો ત્યારે તેણે પોતાના ઘરે જે હીરા જોયા તો ખ્યાલ આવ્યો કે, આ તો કાચના ટુકડા છે, હીરા નથી. તેથી તેણે તેનો ઘા કરી ફેંકી દીધા. પાછા આવીને મામાને સવાલ કર્યો કે, 'મામા તમે કેમ મારી આવી મશ્કરી કરી ?' ત્યારે મામાએ જણાવ્યું કે, 'જે દિવસે તું લઈને આવ્યો હતો એ જ દિવસે મારા માટે તો તે કાચના ટુકડા જ હતા. પણ તે દિવસે જો મેં તને તેની સાચી કિંમત કહી હોત તો તને અને તારી મમ્મીને અભાવ આવત કે, મામાને અમારા હીરા મફતમાં પડાવી લેવા છે. પણ હવે તને હીરાની સાચી પરખ આવી છે એટલે તેં ફેંકી દીધા.'

એમ આપણને કહે કે, સંસાર અસાર છે, દુઃખદાયક છે, કાખમાં છોકરું ઘાલીને ના ફરાય. તો આપણે કહીએ કે, હા તમે ફરો છો અને અમને ના પાડો છો. તમારે ખાવું છે ને અમને ઉપવાસ કરાવો છો. આપણે એવા ડંબેલ્સ જેવા છીએ કે, ખુદ સત્પુરુષનો ને ભગવાનનો અભાવ લઈએ છીએ. પણ હેત-પ્રેમ કરીને આપણને કહ્યું, ચાલો સત્સંગમાં જોડાવ, ભક્તિ કરો, મંડળ ચલાવો, કથા-વાર્તા, ધૂન-ભજન કરો, પ્રાર્થનાઓ કરો; એમ કરતાં કરતાં આપણને સંસાર એ કાચના ટુકડા મનાવી દેશે એટલે સંસાર છૂટી જશે. આ ભગવાનનું સર્વોપરીપણું છે !

યોગીબાપા કહેતા કે, 'ભગવાનનું સર્વોપરીભાવે સેવન કરવું.' ભગવાનને વિષે હૃદયમાં સર્વોપરીભાવ રાખવો. અને સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ, સર્વની બુદ્ધિના પ્રેરક, પ્રવર્તક એ પ્રભુ પ્રગટ પ્રમાણ આ સાધુ દ્વારા મને મળ્યા છે આ સમજણ જડબેસલાક-સૉલિડ રાખવી. અને એવા સાધુને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ રાખવી, હેત વધારવું.

તમને ખાસ કહું કે, આપણાં દીકરા-દીકરીઓનો પ્રૉબ્લૅમ હોય તો એમને વઢશો નહીં. વઢવાથી કોઈ સુધરે નહીં. કોઈ પ્રશ્ન હોય તો માળા ફેરવજો. વઢવામાં કોઈ તકલીફ નથી પડતી, પણ ઊઠી ઊઠીને માળા ફેરવવામાં ભીડો પડે છે. છોકરો જો આપણને ગાંઠતો ના હોય, ભણતો ના હોય, ખોટી લાઈને જતો રહ્યો હોય, કોઈના પ્રેમમાં પડી ગયો હોય તો આપણને થાય કે આનું શું થશે ? ત્યારે માળા ફેરવજો. આપણે આ કરવાનું છે. તમારે ત્યાં એક-બે છોકરા હોય એના માટે જ એવું નહીં, પણ તમારા મંડળમાં પચ્ચીસ છોકરા હોય તો તમે પચ્ચીસ છોકરાનાં મા-બાપ થયાં. સત્સંગનાં બધાં દીકરા-દીકરીઓ આપણાં છે. એમને કંઈ થાય, આપણા મંડળમાં એવું કંઈ બને તો આપણને ઊંઘ ના આવવી જોઈએ; એ સુહૃદભાવ-એકતા, એ સાચી ઉપાસના !

સત્પુરુષને વિશે અસાધારણ હેત થાય, તો સ્વભાવ બદલાય. આપણને મળ્યા છે તે સામાન્ય સાધુ નથી. એમની આજ્ઞાથી લહોટાઈ જઈશું તો અંદરનો સંસાર ખરી જશે, યાદ રાખો ! સત્પુરુષ વઢે તોય મજા આવે, ગમે એ પ્રેમ ! સત્પુરુષને વિશે આવો પ્રેમ હોવો જોઈએ.

ગુણાતીતાનંદસ્વામી સવારે નારાયણઘરે નાહવા જતા હતા. એમની સાથે શિવલાલ શેઠ ને પાંચ-દસ સાધુઓ ને પચ્ચીસ જેટલા ભક્તો પણ નારાયણઘરે નાહવા જતા હતા. ત્યાં રસ્તામાં એક કઠિયારો ને એની વહુને ઝઘડો થયો. આ તો જડ માણસો. કઠિયારાએ પોતાના કુહાડાનો પાછળનો દસ્તો એની વહુના માથામાં જોરથી ફટકાર્યો ને પછી ચાલવા માંડ્યો, લાકડાં કાપવા જતો રહ્યો. નાહીને પાછા આવતાં શિવલાલભાઈએ પેલાની ઝૂંપડીએ તપાસ કરી તો પેલી બાઈ માથે પાટો બાંધી રોટલા ટીપતી હતી. શિવલાલ શેઠે પૂછ્યું ત્યારે કહે, 'પેલો લાકડાં કાપવા ગયો છે, બપોરે એને ખાવા માટે કંઈક જોઈશે ને ! એટલે એના માટે રોટલા ટીપું છું.' ત્યારે ગુણાતીતાનંદસ્વામીએ સંતો-ભક્તોને કહ્યું કે, 'આનું નામ પ્રેમ કહેવાય, આત્મબુદ્ધિ ને પ્રીતિ કહેવાય !' ગુણાતીતાનંદસ્વામીએ તો ત્યાં સુધી કહ્યું કે, 'આ સાધુ પાંચ ખાસડાં મારે તોય ખંખેરીને પાછા આપવાં ને કહેવું ફરીથી મારવા કામ લાગશે, પણ હું જવાનો નથી'; આને હેત કહેવાય. આવું સત્પુરુષને વિશે હેત થવું જોઈએ. આ તો અમારી સામું ના જોયું તો હેત છૂટી જાય. અમારું નામ ના બોલાયું તો હેત છૂટી જાય. અમે બોલાવ્યા ને તમે અમારા ઘરે ના આવ્યા તો હેત છૂટી જાય; આ કેટલો છીછરો પ્રેમ કહેવાય ! ગમે એવી પરિસ્થિતિ, ગમે

તેવા સંજોગોમાં પણ પ્રેમ થયો એટલે થયો, એમાં કોઈ આપણને છૂટા પાડી શકે એમ છે નહિ, એ પ્રેમ ! એવો પ્રેમ સત્પુરુષને વિશે થાય તો એમને રાજી કરવાનો હૈયામાં ઉત્સાહ ને ઉમંગ ઓછો નહિ થાય, લખી રાખો.

અશ્વિનભાઈ, શાંતિભાઈ, રતિભાઈ, સનંદભાઈ, વી.એસ. એ બધાને યોગીબાપાએ પોતાની પાસે રાખ્યા ને પછી કહ્યું, 'જાવ.' પણ તેમને ગુરુ માટેનો પ્રેમ ઓછો થયો ? કે એમણે કાઢી મૂક્યા એવું થયું ? આ એમનો પ્રેમ છે ! હકારાત્મક ભાવ રાખીને ગુરુની ભક્તિ, ગુરુની આજ્ઞાને જીવન બનાવી જીવન જીવ્યા તો ગુરુમય થઈ ગયા, ગુરુરૂપ થઈ ગયા. ગુરુ માટે પ્રેમ હોય તો ગુરુના સંબંધવાળા માટે પણ આપોઆપ પ્રેમ થાય, થાય ને થાય જ, પ્રેમ પ્રગટે જ ! એકબીજા માટે પ્રેમ હશે તો આપોઆપ એકતા પ્રગટશે, દોષ નહીં દેખાય; યાદ રાખો ! મહિમા હશે તો દોષ નહીં દેખાય, પ્રેમ હશે તો દોષ નહીં દેખાય. ગુરુ અને ભગવાનની કેવી અદ્ભુત પ્રાપ્તિ થઈ છે તે પ્રાપ્તિની સમજણ હશે તો દોષ નહીં દેખાય. દોષ દેખાય છે એનો અર્થ કે, ગુરુ તરફથી, પ્રભુ તરફથી આપણી દૃષ્ટિ ખસી છે, આપણે ડાયવર્ટ થયા છીએ. ત્યારે શું કરવાનું ? સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... કરીને પાછું ગુરુ અને ભગવાન ઉપર ફૉકસ લાવી દેવાનું તો પછી દોષ જતો રહેશે. આ આપણી સાધના છે. આવી રીતથી એકતા થશે. એકતા એટલે કોઈ પણ પરિસ્થિતિમાં, કોઈ પણ સંજોગોમાં ગમે ત્યાં જઈએ, ગમે ત્યાં બેસીએ પણ અંદરોઅંદર કોઈનાય વિશે ભાવફેર થાય નહીં, ભાવફેરની વાત સંભળાય નહીં, ભાવફેર કરાય નહીં.

પપ્પાજી ઘણી વખત દૃષ્ટાંત આપતા. આ શરીરમાં હાર કોણ પહેરે છે ? આ માથું હાર પહેરે છે. ચાંદલો કપાળે થાય છે. પણ આ આખું ૮૦-૯૦ કિલોનું વજન લઈને પગ ફરે છે, પણ પગે ચાંદલો કરીએ છીએ ? ચાંદલો કપાળે કરીએ છીએ. પગ માથા સાથે ઝઘડો કરે તો ? ને કહે કે, 'મારે લીધે તો તું બધે ફરું છું, હું ના હોત તો તું ક્યાંય જઈ કેવી રીતે શકત ? જા અમે નથી આવવાના, તારે જવું હોય ત્યાં જા'; એમ રિસાઈ જાય તો ? પણ પગને ખબર છે કે, મારું કામ ચાલવાનું છે, માથાનું કામ હાર પહેરવાનું છે, હાથનું કામ ખાવાનું છે. આ બધાં કામ ડિસ્ટ્રિબ્યૂટ થયેલાં છે. એ સમજણથી સંવાદિતા રહે છે.

તમે જુઓ, બ્રહ્મજ્યોતિમાં આખો દિવસ અશ્વિનભાઈ, શાંતિભાઈ, રતિકાકા ને આ સંતો કામ કરે છે, પણ નામ આવે છે સાહેબનું. કોઈ દિવસ અશ્વિનભાઈએ કહ્યું કે, મારું નામ કેમ નથી બોલતા ? તમે જુઓ કેટલો દાસત્વભાવ ! એકમાં બધું આવી ગયું. બાપાએ નીમ્યા છે, એટલે જેવા છે એવા, પણ અમારા એ નેતા છે. તેઓ કેટલા હોશિયાર, બુદ્ધિશાળી, કાર્યરત છે ! સહેજ પણ આળસ-પ્રમાદ ના મળે. નિયમિત, ધર્મમય; પણ કદી મારું નામ કેમ ના બોલાય ? મને કેમ ના આગળ કરાય ? એવું કંઈ નહિ. તેમણે પોતાનું અસ્તિત્વ યોગીજીમહારાજને માટે વિસર્જિત કરી દીધું, એ સાધુતા ! આવા સાધુ સાથે આત્મબુદ્ધિ ને પ્રીતિ થશે તો આપણે પણ અસ્તિત્વ વગરના થઈ જઈશું. આપણે આપણું વ્યક્તિત્વ ખીલવવાનું છે, યાદ રાખો ! આપણું જે વ્યક્તિત્વ છે તે વધુ ને વધુ પ્રકાશિત કરવું છે, પણ અસ્તિત્વ, મારાપણાનો ભાવ છોડીને અહંકારરહિત થવાનું છે. તો ભગવાનનું ઈન્સ્ટ્રુમેન્ટ થઈ જવાય.

અશ્વિનભાઈ, શાંતિભાઈ, સનંદભાઈ, વી.એસ., હર્ષદભાઈ એવા થઈ ગયા ને એમની પાછળ આ બધા સંતો પણ એવા જ છે. કર્મયોગમાં-સેવાઓમાં હોમાઈ ગયા. સાધનાની ખબર નહોતી, પણ એમને ખબર હતી કે, અમને સોંપ્યું છે તે કામમાં હન્ડ્રેડ પરસન્ટ વફાદારી ને પ્રામાણિકતાથી રહેવું છે. તો આજે અશ્વિનભાઈ, શાંતિભાઈ, રતિકાકા, સનંદભાઈની કૃપાથી તેઓ પણ એવા ને એવા થઈને રહ્યા. તમે જુઓ તો બધા હોમાયા છે પણ કોઈનું નામ આવે નહીં, કોઈની વાત ના થાય, કોઈ એમને ઓળખે નહીં. પણ એક સ્પિરિટ કે, અશ્વિનભાઈ, શાંતિભાઈમાં અમે બધા આવી ગયા. આપણા કાર્યકર્તાઓએ આ પચાવવાનું છે. આ રીતે ભગવાનને સર્વોપરીભાવે ભજી, સત્પુરુષ વઢે-ટોકે, બોલાવે-ના બોલાવે, સામું જુએ-ના જુએ, ઘેર આવે-ના આવે, તમે કામ કર્યું હોય ને બીજાનું નામ બોલે, ગમે તે થાય તો પણ આપણને તેમને વિશે સ્હેજ પણ ભાવફેર ના થાય. કાર્યકર્તાઓ કૉન્ક્રિટ જેવા હોવા જોઈએ, એમનું સાચવવું ના પડે, રાખવું ના પડે.

આ સંતો આપણા જેવા જ લાગે, પણ સમજણને લીધે ખ્યાલ આવે કે તેઓ સામાન્ય નથી. એટલે સ્વામિનારાયણ ભગવાને કહ્યું, જેની સમજણ શ્રેષ્ઠ એ મોટો. માથે ધોળા વાળ હોય એ ઘરડા કહેવાય, મોટા નહિ. જે

'પૂજા કરીને તિલક-ચાંદલો કરીશું.
લસણ-ડુંગળી નહીં ખાઈએ.
કોઈ પ્રકારનાં વ્યસન નહીં રાખીએ.
નિયમિત અઠવાડિક સભા કરીશું, કરીશું ને કરીશું.
સભામાં પ્રભુને સંભારીને 'વચનામૃત', 'સ્વામીની વાતો'ના
નવીન અર્થ કરી મહિમા ગાતા થઈશું.
આટલું તો અવશ્ય કરીએ.



નિર્દોષભાવ રાખતા હોય, દિવ્યભાવ રાખતા હોય, દિવ્યભાવનું પ્રસારણ કરતા હોય, સત્પુરુષનો મહિમા વધારતા હોય, સત્પુરુષ જે કંઈ પણ કરી રહ્યા છે એ અનંત ચૈતન્યોને માયા પાર કરવાનું કાર્ય છે એવું નિઃધડક માનતા હોય અને બીજાને મનાવતા હોય એ સમજણવાળા, એ જ શ્રેષ્ઠ ઉપાસના અને એ જ મોટા ! ભગવાનને આ મોટપ આપણને આપવી છે. એટલે મંડળમાં આપણે કામ કરીએ ને નામ બીજાનું બોલાય ત્યારે ફરિયાદ કરીએ તો ફેઈલ થઈશું, માટે એવું ના કરતા. મંડળમાં આપણે અંદરોઅંદર એકતા ને સુહૃદભાવ રાખીને આ રીતે જીવીએ.

ખાસ કહેવાનું કે, આપણા કાર્યકર્તાઓ તો પૂજા કરીને તિલક-ચાંદલો કરજો, કરજો ને કરજો. બોલો : 'પૂજા કરીને તિલક-ચાંદલો કરીશું. લસણ-ડુંગળી નહીં ખાઈએ. કોઈ પ્રકારનાં વ્યસન નહીં રાખીએ. નિયમિત અઠવાડિક સભા કરીશું, કરીશું ને કરીશું.' સભામાં પ્રભુને સંભારીને 'વચનામૃત', 'સ્વામીની વાતો'ના નવીન નવીન અર્થ કરતા થાવ. નવીન મહિમા ગાતા થાવ. 'ભક્તચિંતામણિ' વાંચો. આપણને હવે ભગવાનમાં રહેતા કરવા છે. ભગવાન, પોતાના ગુરુ ને ભક્તો સિવાય કશાયમાં રહેવું નથી તો આટલું તો અવશ્ય કરીએ.

બધાંય સૅન્ટરોના કાર્યકર્તાઓને મારી પ્રાર્થના કે, સભા નિયમિત કરજો. બીજાં નવાં નવાં સૅન્ટરોમાં પણ એક હરિભક્ત-બે હરિભક્ત હોય ત્યાં પણ સભા ચાલુ કરજો. અમારા સંતોને પ્રાર્થના કરું કે તેઓ હરિભક્તો સાથે ફરતા થઈ જાય, એ માટે તો ભગવાને આપણને આ માર્ગે લીધા છે. ખાસ બાલ મંડળ ને યુવક મંડળ ચાલુ કરજો. બે-પાંચ છોકરા હોય તેની ગણતરી ના કરશો. બાલ મંડળ ચલાવવાની સેવા કોઈ સિનિયર બહેનને સોંપજો તો એ પ્રેમથી સંભાળશે. નાનપણથી જ ભજન-પ્રાર્થનાની ટેવ પાડી દેવી. યુવક મંડળ ચાલુ કરજો કે જેથી યુવાનોને ભણતાં ભણતાં કુસંગ-વ્યસન વળગે નહીં. આ આપણી મોટી સેવા છે. આપણાં બધાંય સૅન્ટરોમાં બાલ મંડળ, યુવક મંડળો ચાલુ થવાં જોઈએ. અને બે-ત્રણ-છ મહિને કાર્યકર્તાઓની શિબિર કરવી.

ખરેખર, આ સંતો એટલા બધા અદ્ભુત છે ! આપણા જેવા થઈને આપણી સાથે રહે છે એટલે સમજી નથી શકતા. પણ આપણને કેવી પ્રાપ્તિ થઈ છે, કેવા સાધુની ભગવાને આપણને ભેટ આપી છે તેનો મહિમા સમજીશું તો હૈયું આનંદવિભોર થઈ જશે, યાદ રાખો ! દોષ તો ક્યાં જતા રહેશે તેની ખબર પણ નહીં પડે. દોષ ટાળવા કોઈ સાધના ના કરશો. હળી-મળીને એકમના થઈને કામ કરવાની સાધના કરજો. નિર્દોષભાવે યુક્ત ભક્તિ કરવાની સાધના કરજો. સત્સંગ સંવર્ધન કેન્દ્ર તરફથી જે આદેશ આવે, અશ્વિનભાઈ, શાંતિભાઈની જે આજ્ઞા આવે એ આજ્ઞાને સ્ટ્રિક્ટલી ફૉલો કરવાની જાગ્રતતા તમે રાખશો તો જોજો બે-પાંચ વરસમાં તમે કેટલી ઊંચાઈ ઉપર જતા રહેશો એની કલ્પનાય નહીં આવે, યાદ રાખો ! એવો અદ્ભુત લહાવો ભગવાને આપણને આપ્યો છે, આપણું સિલેકશન થયું છે. પણ જો આપણે જાગ્રત નહિ રહીએ તો આ દેશ-પરદેશવાળા આ સાધુઓને ઓળખી જશે અને આપણે ફાંફાં મારતા રહીશું. એટલે જાગો અને બધાને જગાડો. કેવા અદ્ભુત સાધુઓની પ્રાપ્તિ થઈ છે ! તે મહિમા ગાવ. બીજું કાંઈ ના આવડે તો મહિમા તો ગવાયને ? મહિમા ગાવામાં બધાને આનંદ આવશે.

સભામાં બહુ ઊંચી જ્ઞાનની વાતો કહીશું તો બધા ઊંઘી જશે. કેવા સંતો મળ્યા છે ? કેવું કામ થઈ રહ્યું છે ? બધા કેવી ભક્તિ કરી રહ્યા છે ? એ મહિમા તમે કહેવા માંડો, ગાવા માંડો. આવી મહિમાની વાતો સાંભળનારા તો આગળ વધશે જ, પણ ગાનારા તો એકદમ આગળ વધી જશે, યાદ રાખો ! તો આપણે કાર્યકર્તાઓ આપણાં મંડળોમાં જઈને અહીંથી જે પ્રાપ્ત થયું છે, જે મહિમા, શુદ્ધ ઉપાસના, સૉલિડ નિષ્ઠા, સત્પુરુષને વિશે અસાધારણ પ્રીતિ; તેની વાતો કરીએ.

અનુપમ મિશન સંસ્થા એ આપણને મળેલું માધ્યમ છે, યાદ રાખો ! પણ એનો શ્રેષ્ઠ ઉપયોગ એના વિશે મમત્વ હશે તો થશે. આ શરીર નાશવંત છે, તુચ્છ છે પણ એની અવગણના કરો છો ? ના. કારણ કે, આ શરીરથી ફરવાનું છે, આ શરીરથી સુખ ભોગવવાનું છે, આ શરીરથી ભગવાનનું સુખ લેવાનું છે, આ શરીરથી ભગવાનની ભક્તિ થવાની છે માટે શરીરને સાચવીએ છીએ. એમ જે સંસ્થા દ્વારા આપણે આધ્યાત્મિક પ્રાપ્તિ કરી શકવાના છીએ એ સંસ્થા માટે મમત્વ તો હોવું જ જોઈએ કે, આ મારી સંસ્થા છે. યોગીબાપાને કોઈ કહે કે, 'બાપા, આપ બીમાર છો તો આરામ કરો.' ત્યારે બાપા કહેતા કે, 'શાસ્ત્રીજીમહારાજની સંસ્થા વધે એ જ અમારે આરામ !' સૂઈ જઈએ એ આરામ નહીં, એવું બધું બાપા આપણને શિખવાડીને ગયા છે, કશું બાકી રાખ્યું નથી. તો અનુપમ મિશન સંસ્થાનું આપણને મમત્વ હોવું જોઈએ, પણ એને લઈને ઝઘડા ના થાય એટલું યાદ રાખો. મારી સંસ્થા મોટી ને અમે સરસ છીએ એવું કોઈ દિવસ બોલવાનું નહીં. બીજી સંસ્થાઓ પણ સરસ છે, બહુ મોટી છે, સરસ કામ કરે છે; સરખામણી નહીં કરવાની. પણ આપણે ત્યાં જે થઈ રહ્યું છે તેના ઉપર ફૉક્સ કરવાનું.

અને સંતોનો મહિમા આપણા હૈયામાં વધે અને બીજાને પણ મહિમા વધારવાનો. બાલ મંડળ, યુવક મંડળ સરસ થતું જાય એના ઉપર ફૉક્સ કરજો. અઠવાડિક સત્સંગસભા નિયમિત કરજો. સમૈયા-ઉત્સવમાં અવશ્ય હાજરી આપજો. જ્યારે પણ શિબિરો થાય ત્યારે અગાઉથી તમને જણાવવામાં આવશે, તો ટાઇમ ટેબલ ગોઠવીને પણ શિબિરમાં અચૂક હાજરી આપજો.

આપણે ધારીમાં આવી પાંચ દિવસની શિબિર પહેલી વખત કરી છે. તો બધાય ખૂબ હસતા, ખેલતા-કૂદતા, ખૂબ ઉત્સાહ-ઉમંગ લઈને બાપાના તીર્થસ્થાનમાંથી બરાબર દિવ્યતા ભરીને જવું છે. બધા હળી-મળીને, એકમના થઈને અશ્વિનભાઈ, શાંતિભાઈ, સંતો હૃદયથી ખૂબ રાજી થાય એવું જીવન જીવીએ. અને એવું જીવવા માટે સૌનેય પ્રેરણારૂપ બનીને કથા-વાર્તા, ધૂન-ભજન, મહિમા ગાઈને આનંદની છોળો ઉડાડીએ એવા આપણને સૌનેય કરે એવી પ્રભુચરણે, ગુરુચરણે પ્રાર્થનાઓ !

જય સ્વામિનારાયણ ! ◆